

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*તપે રણ બપોરે, સાંજે શિતળતા વરસાવે !*
*આકરા તાપમાં પણ કચ્છી કરૂણા વરસાવે !*
*વરસાવે આનંદ - મોજ ઉજવે રણમાં મેળા -*
*વિદેશમાં રહીને કચ્છીઓ રાહત વરસાવે...*
*(કચ્છી નવું વરસ, સૌ ને મુબારક)*

### હાઈકુ

*વલો વતન,*
*કચ્છડો બારે માસ -*
*વરસે નેહ*
*(પ્રેમાળ કચ્છીઓ)*

*સૂકાં તળાવ !*
*ખાલી ડેમ નદીઓ -*
*અસાંજી શોભા...*
*(વરસાદ વિના ભીનાં હૃદય)*

### ચિંતન

*ભવાનનાત્મનો ધર્માનાત્મન્યારોપ્ય શોચતિ ।*
*તદ્જ્ઞાનકૃતં સર્વં ભયં ત્યકત્વા સુખી ભવ ॥*

**ઉપરોક્ત શ્લોક સર્વવેદોન્ત 'સિદ્ધાંત' સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**તું શરીરના ધર્મોને આત્મામાં આરોપી વ્યર્થ શોક કરે છે, માટે અજ્ઞાનથી સર્જાયેલો, સઘળો ભય છોડી દઈ સુખી થા.**

**આપણા શરીરને તાવ-પીડા-રોગ થાય છે અને આપણે - આપણો (જીવ) શરીર એ પીડામાં રિબાઈને પરમાત્માને ફરિયાદ કરે છે, પણ આપણે એ સમજતા નથી કે જે પીડા થાય છે એ 'શરીર' છે અને એ પીડાઓ આપણે જાતે જ ગેરસમજ કે ઓછી બુદ્ધિથી ઊભી કરેલ છે - આત્મા ને કોઈ પીડા થતી નથી એ તો માત્ર દર્શક છે.**

**જે જીવ આ વાત 'જ્ઞાન'થી સમજી શકે તો બધાં જ દુઃખો-પીડાનું સમન થઈ જાય છે.**

### સુવિચાર

- જે ભગવાનને પ્રગટાવી શકે એનું નામ પ્રેમ - **ઓશો**
- કરુણા નેત્રોમાં નિવાસ કરે છે, કરુણા હશે ત્યાં અહિંસા આવશે જ - **મોરારિ બાપુ**
- 'સત્' તરફ આપણને વધારે ધક્કો મારે એ ક્રિયાનું નામ 'સત્ય' છે - **હર્ષદ ત્રિવેદી**
- સત્સંગ એને કહે છે કે જે 'પ્રેક્ટિકલ મોમેન્ટ્સ' ને પકડી લે, જીવનમાં કોઈ એક મહેસૂસીનું બુંદ આવી જાય તો 'વીજળીને ચમકારે મોતી પરોવી લેવું' - **બોધિવૃક્ષ**
- વેશ છૂટો તો કોઈ ચિંતા નહીં, વેદ નહીં છૂટવા જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- હસ્તરેખા જોઈ સૂરજની કૂકડાએ કહ્યું, આપના પ્રારબ્ધમાં બહુ ચડઉતર દેખાય છે - **ઉદયન ઠક્કર**
- આજનું ઔષધ : કળથીની શેકીન રાબ બનાવી તેમાં ગોળ નાખી પીવાથી, શીળસની ખંજવાળ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વખતસિંહજી મહારાજ ભાવનગરના રાજા હતા. તેમણે સહજાનંદ સ્વામીના દર્શન કર્યા. સ્વામીએ પહેરેલી ડગલી મહારાજને ખૂબ પસંદ પડી. તેમણે સ્વામી સાથેના ભગતને પૂછ્યું. 'આ ડગલી કોણે સીવી ?' ભગતે કહ્યું, 'બાપુ, આ ડગલી સીવનાર તો આપની રૈયર છે. જે બોટાદમાં રહેતો દરજી છે.'

બાપુએ દરજીને દરબારમાં બોલાવ્યો અને પૂછ્યું, 'ભાઈ, સહજાનંદ સ્વામીની ડગલી તમે સીવી હતી ?' દરજીએ કહ્યું, 'હા બાપુ.' બાપુએ કહ્યું, 'એવી જ ડગલી મને પણ એક સીવી આપો. જે માગશો તે મળશે...'

દરજીએ કહ્યું, 'બાપુ, તમને સારામાં સારી ડગલી સીવી આપું પણ એવી જ ડગલી તો મારાથી નહીં સીવી શકાય.' બાપુએ પૂછ્યું 'કેમ ??' દરજીએ કહ્યું, 'બાપુ એમાં તો મેં હેનતા ટેભા લીધા હતા.'

# નીતિનભાઈની યશકલગી જેવું બજેટ

**તંત્રીસ્થાનેથી...**

નાણાપ્રધાન નીતિન પટેલને મુખ્યમંત્રી પદના મળતાં મળતાં રહી ગયું અને રાજનીતિના ચાણક્ય અમિત શાહની કૃપાદૃષ્ટિ સૌરાષ્ટ્રના વણિક પુત્ર પર ઊતરી ત્યારે નાયબ મુખ્યમંત્રી પદ કરતાં નીતિન પટેલ માટે એમનું નાણાં ખાતું વિશેષ મહત્ત્વનું હતું. એ મેળવવા એમણે રીતસર કોપભવન વાળી રજવાડી પરંપરાનો અમલ કર્યો હતો. અષાઢના પ્રથમ દિવસે જ નીતિનભાઈએ એમની નાણામંત્રી તરીકેની કારકિર્દીનું સાતમું બજેટ રજૂ કરી પોતાની રીતે તો એક આગવો વિક્રમ જ સ્થાપ્યો છે. પોતે ખેડૂતપુત્ર હોઈ ખેડૂતોની સવિશેષ ચિંતા કરે તે સ્વાભાવિક છે. પરંતુ બજેટની પૂર્વ સંધ્યાએ એમણે ગુજરાત સરકારનું આ વખતનું બજેટ વૈશ્વિક ઓળખ ઊભી કરશે એવી આશા દર્શાવી હતી. બજેટમાં કદની દૃષ્ટિએ વધારો થયો છે એ કરતાં એથી લાભાન્વિત સમુદાયોમાં ટૉપ પ્રાયોરિટી કન્યાઓને અપાઈ છે તે ખૂબ સંવેદનશીલ મુદ્દો છે. બે લાખથી ઓછી આવક ધરાવતા પરિવારોની દીકરીને પહેલા ધોરણમાં ચાર હજારની સહાયથી શરૂ કરી એ અઢાર વર્ષની થાય ત્યારે એને એક લાખ રૂપિયા મળે એવી જોગવાઈ કરાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'બેટી બચાવો - બેટી પઢાવો' કાર્યક્રમનું આવું અમલીકરણ પ્રસંશનીય જ ગણાય. રાજ્ય સરકારે છેલ્લાં સોળ વરસમાં એક પણ વાર ઓવર ડ્રાફ્ટ નથી લેવો પડ્યો તે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારની આગવી ઉપલબ્ધિ જ ગણાશે. કૃષિને કઠોર વ્યવસાય ગણી ગામડામાંથી હિજરત કરી નગરો અને શહેરોમાં વસતા ખેડૂતોને ઝીરો ટકાના દરે લોન મળે તે માટે વ્યાજ સહાય મથાળે ૯૫૨ કરોડની જોગવાઈ કરાઈ છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૭૧૧૧ કરોડની ફાળવણી આવકારપાત્ર છે. ખેડૂતોની અવગણના અંગે ભાજપ અને કેન્દ્ર તથા રાજ્ય સરકાર વિરુદ્ધ વિપક્ષો કાગારોળ કરતા રહે છે નીતિન પટેલે એ મેણું ભાંગવાનો પ્રયાસ કર્યો છે. પાર્ટી અને સરકાર સામે બીજો વાંધો આદિજાતિ વિકાસની અવગણના જેવા મુદ્દે લેવાતો રહ્યો છે. નીતિન પટેલના બજેટમાં આદિજાતિ વિકાસ માટે ૨૪૯૮૧ કરોડ જેવી માતબર રકમ ફાળવાઈ છે. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પહેલી જ વાર નાણામંત્રીએ બે લાખ કરોડથી વધુ રકમ બજેટ રજૂ કરીને નવો નિક્રમ સ્થાપ્યો છે, કૃષિ, રોજગારી અને પીવાના પાણી જેવા મુદ્દાઓને પ્રાધાન્ય આપ્યું છે તો સાથે જ ગુજરાતની પ્રજાએ જેની કલ્પના પણ ન કરી હોય એવાં વોટર એરોડ્રોમ માટે પણ બજેટમાં પાંચ કરોડ જેટલી રકમ ફાળવાઈ છે. ડેરી વિકાસ અને પશુપાલન ઉપરાંત ગૌસેવા વિકાસ માટે સહકાર કલ્પવૃક્ષ યોજના હેઠળ અલગ રકમ અંદાજાઈ છે. ગુજરાત ભલે શાકાહારી રાજ્ય ગણાતું હોય પરંતુ દેશ આખામાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજ્ય હોઈ મત્સ્યોદ્યોગ પૂરબહાર વિકસ્યો છે. મત્સ્યોદ્યોગ વિકાસ માટે કરોડોની જોગવાઈ કરીને સરકારે માછીમારી કરી ગુજરાન ચલાવતા વિશાળ જનસમુદાયની ચિંતા કરી છે. ત્રણ વર્ષમાં નવા ૬૦ હજાર કર્મચારીઓની ભરતી ઉપરાંત ૭૦ હજાર સખીમંડળો બનાવાશે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના સહિત વિવિધ રોજગાર યોજનાઓનો ૧૫ લાખ યુવાનોને લાભ મળશે. તો વળી સવા લાખ ખેડૂતોને અષાઢી બીજના શુભ દિવસે જ વીજ જોડાણ અપાશે. વડાપ્રધાને કેન્દ્ર સરકારના નવા રચનાત્મક કાર્યક્રમ લેખે 'નલ સે જલ' પ્રોજેક્ટ શરુ કરેલ છે. ગુજરાતમાં ૨૦૨૨ સુધીમાં દરેક ઘરમાં નળ હશે. સાથે જ ડિસેલિનેશન પ્લાન્ટ અને નર્મદા યોજના માટે નાણાં ફાળવાશે. કેન્દ્ર સરકારે રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને સહાયના પ્રથમ બે હપ્તા પેટે ૧૧૩૧ કરોડ ચૂકવી દીધા છે. રાજ્ય સરકારનું આ લોકપ્રિય બજેટ આરોગ્ય ક્ષેત્રે પણ માતબર રકમ ફાળવે છે. અષાઢના પ્રથમ દિવસે રૂપાણી સરકારની અને નાણામંત્રી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની આ ભેટ ગુજરાતની પ્રજા આવકારશે.

# મમતાનું કોઈ મોલ ન હોય...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

એક ઘટાદાર ઝાડની ઊંચી ડાળ પર જયાં સામાન્ય રીતે કોઈની નજર ન પહોંચે. પણ તમે ધ્યાનથી જૂઓ તો હલચલ દેખાય. એક પંખી આમથી તેમ ઉડતું આવે ને જાય. વારંવાર ઊંચી એ ડાળના ખૂણા પર જયાં બે ડાળખીના ફાંટા પડતા હતા તે જગ્યાએ બેસે અને ફરી ઊડે.

તેની ચાંચમાં જૂઓ તો કંઈક તણખલું હોય. એક... બે... ત્રણ... તણખલાં ગોઠવે. જોરથી પવન આવતાં તણખલાં ઉડીને નીચે પડે. પણ પંખી જરાય નિરાશ ન થાય. સવારથી સાંજ તણખલાં ભેગાં કરી ગોઠવ્યે રાખે. આમ કરતાં કરતાં એક આકર હવે દેખાવા લાગ્યો. હાં, પંખીનો માળો તૈયાર થઈ ગયો હતો. તણખલાંના સુંદર ગૂંથણી કરી પંખીએ માળો બનાવ્યો હતો. પંખી હવે ખુશ હતું.

આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યાં હતાં. બફારો બહુ જ હતો પણ વરસાદ પડતો ન હતો. પંખી વારંવાર આકાશ તરફ જોતું હતું.

ક્યારેક ઠંડા પવનની લહેરખી આવતી હતી. તો કયારેક આંધી અને વંટોળ જેવું આવતું હતું. ત્યારે પંખી ફફડી ઊઠતું. તેને એમ થતું કે આ વંટોળીયું મારો માળો ઉડાડી લઈ ન જાય તો સારું. પણ એવું કંઈ થયું નહીં.

એક દિવસ પંખીએ માળામાં બે ઈંડા મૂકયા નાના નાના લંબગોળ ઈંડાને નિહાળવા લાગ્યું. તેનો ચળકતો રંગ અને કયાંક કયાંક ધબ્બા. પંખી તેના પર બેસીને ઈંડાને સેવવા લાગ્યું. તેમાં ઘણી વખત તેને ભુખ તરસનું પણ ભાન રહેતું ન હતું.

વાદળો ગડગડાટ કરવા લાગ્યાં. વીજળી ચમકવા લાગી. દિવસે પણ અંધારું થઈ ગયું હોય તેવું વાતાવરણ થઈ ગયું. પંખીને માળામાં કંઈક હલચલ લાગી તેની ખુશીનો પાર ન રહ્યો.

વરસાદ વરસી જતા વાતાવરણમાં ઠંકક પ્રસરી ગઈ હતી. લીલી ઘાંસની કુંપળોથી ધરતી હરિયાળી હબી ગઈ હતી.

નાનાં જીવજંતુ કોણ જાણે કયાંખી નીકળી પડ્યા હતા.

પંખી તીવ્રતાથી આમ તેમ જઈ નાનાં જીવજંતુને ચાંચમાં પકડી લઈ આવતું હતું. માં ને જોઈ બંને બચ્ચાં ચાંચ પહોળી કરી ખાવા માટે ઉતાવળ કરતાં હતા. ચીં... ચીં... કરી વાતાવરણ ગજાવી મૂકતા હતા. તે ખુબ ભૂખ્યા થયાં છે. એ ભાવ સ્પષ્ટ દૃષ્ટિગોચર થતો હતો. માં ની મમતા તેમને સ્પર્શતી હતી. ખોરાક તેના મોંમાં આપતાં માં પોતાને ધન્ય માનતી હતી.

બચ્ચાં હવે પાંખો ફફડાવીને માંનું સ્વાગત કરતાં દાણા અને ખોરાક ગ્રહણ કરતા હતા. માતાના મનનો મોર નાચવા લાગ્યો. તે પોતાના બચ્ચાની આસપાસ ફરવા લાગી... તેમને ઊડતા શીખવવા લાગી. સાથે સાથે તેમના ખોરાકનો પ્રબંધ પણ કરતી હતી.

સમયની સાથે બચ્ચા સક્ષમ થયા. તે હવે માં થી જુદા થઈ ગયા. પણ માં ની મમતા હજી જેવી હતી તેવી જ હતી.

તે આજે પણ બચ્ચાં માટે રાહ જોતી બેસતી હતી. વન-વગડામાં શિકારી પંખી, સાંપ કે કોઈ શિકારી તેનો શિકાર ન કરે તેની ચિંતા તેને સતાવ્યા કરતી હતી. કોઈ પણ જાતના લોભ-લાલચ કે સ્વાર્થ વગરનું માનું આ વર્તન કંઈ આશ્ચર્યજનક ન કહેવાય.

આ મમતા છે. માનવ હતપ્રભ હતો. મમતાનું કોઈ મોલ ન હોય. શું તેને કયારેક પીછાણ્યું છે.

# માહત્મ્ય આપણાં સંબંધોનું : કેટલાક સંબંધો દૂર થઈ જાય તો શૂન્યાવકાશ સર્જાય જાય છે

**આવો જીવીએ શાનદાર**



વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આપણાં હિન્દુ ધર્મના અઢાર પુરાણ, અઢાર ઉપપુરાણ, ચાર વેદ, શ્રીરામચરિત માનસ, શ્રી મહાભારત, ઉપનિષદ, શ્રીમદ દેવીપુરાણ, શ્રીમદ ભાગવત, કે અન્ય કોઈપણ ધાર્મિક ગ્રંથને ખોલીએ તો એ ગ્રંથની શરૂઆતમાં જ એ ગ્રંથનો મહિમા ગાવાયેલો હોય છે. કેટલાક ગ્રંથોના રચયિતાએ પોતે એ ગ્રંથનો મહિમા ગયો હોય છે તો કેટલાક ગ્રંથોમાં રચયિતાની સમકક્ષ ઋષિમુનિઓએ એ ગ્રંથના મહત્વનુ આલેખન કર્યું હોય છે. એ મહિમા કે માહાત્મ્ય હજારો વર્ષથી ગવાતું રહ્યું છે અને પ્રમાણભૂત છે એવું સાબિત પણ થતું રહ્યું છે.

ગ્રંથનો મહિમા વાંચીએ તો ખ્યાલ આવશે કે એ મહિમામાં એ ગ્રંથની ઉપયોગિતા સમજાવવામાં આવી હોય છે. એ ગ્રંથ વાંચવાથી, એ ગ્રંથમાં આપેલા ધાર્મિક, મૂલ્યદ્રષ્ટિય કે જીવન દ્રષ્ટિય ઉપદેશોનો અમલ કરવાથી વ્યકિતના જીવનમાં કેવા પ્રકારના હકારાત્મક પરિવર્તનો આવી શકે, સમાજને એ કેટલું ઉપયોગી થઈ શકે તેનું અનેક ઉદાહરની સાથે વિસ્તારથી વિશ્લેષણ કર્યું હોય છે.

જેમ કે શ્રી ભગવદગીતાના માહત્મ્યમાં તેનો મહિમા સમજાવતા લખ્યું છે કે;

ગીતાધ્યયન શીલસ્ય પ્રાણાયામ પરષ્ય ચ !

નૈવ સન્તિ હી પાપાની પૂર્વ જન્મ કૃતાનિ ચ !!

ગીતા માહાત્મ્ય -૨

અર્થાત જે કોઈ મનુષ્ય ભગવદગીતાનું નિષ્ઠા તથા ગંભીરતાપૂર્વક અધ્યયન કરે છે. તેને ભગવદકૃપા થકી તેના પૂર્વે કરેલા દુષ્કર્મના ફળો તેણે ભોગવતા પડશે નહીં.

આપણે કોઈપણ ગ્રંથનું પઠન કરીએ એ પહેલા એ



ગ્રંથનો મહિમા સમજવો જરૂરી હોય છે. ગ્રંથનો મહિમા કે માહત્મ્ય સમજયા વિના એ ગ્રંથનું વાંચન કે મનન કરવાનો કોઈ અર્થ નથી. જે તે ગ્રંથનું આપણાં જીવનમાં મહત્વ શું છે તે સમજયા વિના એ ગ્રંથને આપણે કદાચ બરાબર સમજી ન શકીએ.

ગ્રંથોની જેમ માનવીય સંબધોનું પણ એવું જ છે. જેવી રીતે દરેક ગ્રંથનું માહત્મ્ય અલગ અલગ હોય છે એવી જ રીતે દરેક સંબંધના નામ પણ અલગ અલગ હોય છે અને અલગ અલગ સંબંધોના નામની જેમ સંબંધના નામ પ્રમાણે દરેક સંબંધનો પણ મહિમા પણ અલગ હોય છે.

વ્યકિતને પોતાના અનેક પ્રકારના સંબંધો હોય છે. એ સંબંધો અંતરંગ પણ હોય શકે, કૌટુંબિક પણ હોય શકે, પાડોસીના પણ હોય શકે, સગા-સંબધીઓના પણ હોય શકે, મિત્રોના પણ હોય શકે, સહકર્મચારીઓના પણ હોય શકે અને કોઈપણ પ્રકારના સામાજિક સંબંધો પણ હોય શકે. દરેક સંબંધની ગરિમા અલગ હોય છે. દરેક સંબધોનું પોતાનું એક આગવું માહાત્મ્ય હોય છે. જેવી રીતે ગ્રંથનું વાંચન કરતાં પહેલા તેનો મહિમા સમજી લઈએ તો એ ગ્રંથ વધારે સારી રીતે સમજી શકીએ અને જીવનમાં વધારે ફળદાયી નિવડી શકે છે. એવી જ રીતે સંબધોનો વિકાસ કરતાં પહેલા જો એ સંબધોનો મહિમા સમજી લઈ એ તો એ સંબંધો વધારે ફળદાયી નિવડી શકે છે. સંબધોનો મહિમા સમજ્યા વગરના સંબંધો ક્યારેક ગેરસમજણના માર્ગે પણ દોરી જઈ શકે છે.

આપણાં સંબંધો સાથે આપણી સુખાકારી ગાઢ રીતે સંકળાયેલી છે. આપણાં સંબધોનું મહત્વ એ છે કે સારા સંબંધો થકી આપણને માનસીક શાંતિ મળતી હોય છે અને તેને કારણે આપણું માનસીક સ્વાસ્થ્ય જાળવી શકીએ છીએ. શારીરિક સુખાકારીનો આધાર માનસિક સુખાકારી ઉપર હોય છે. એટલે માનસિક સુખાકારી હોય ત્યાં શારીરિક સુખાકારી હોય જ. બીજા શબ્દોમાં આપણી શારીરિક સુખાકારીનું ઉદભાવસ્થાન માનસિક સુખાકારી છે અને આપણાં સંબંધો એ માનસિક સુખાકારીનું સ્ત્રોત છે.

આપણાં સાચુકલા સંબંધો વિકાસ પામ્યા હોય ત્યાં આપણે આપણાં સુખ:દુઃખ, વ્યથા, પીડા એકબીજા સાથે વહેંચી શકીએ છીએ. સંબંધો થકી આપણી વ્યથા અને પીડા હળવી થતી હોય છે અને સંબંધો થકી જ આપણાં આનંદને બેવડો કરી શકીએ છીએ. સંબંધો થકી આપણને પ્રેમ અને સ્નેહ મળતો હોય છે. પ્રેમ અને સ્નેહ થકી આપણને ખુશી મળતી હોય છે. સ્નેહ અને પ્રેમ થકી જ આપણને સંતોષ અને સુખ મળતા હોય છે.

સંબંધો તો જીવન જીવવા માટેનું પ્રેરણા સ્ત્રોત છે. સંબંધો થકી આપણાં જીવનમાં નવી શકિતનો સંચાર થતો રહે છે. સંબંધો જ આપણાં જીવનને નવી દિશા આપે છે. સંબંધો થકી જ આપણને જીવન જીવવાનો સાચો અર્થ મળતો હોય છે. સંબંધ છે તો વ્યક્તિનું મહત્વ છે. સંબંધો વિના વ્યક્તિનું જીવન શૂન્ય છે.

આપણાં કેટલાક સંબંધો એટલા મહત્વના હોય છે કે જો એ સંબંધ આપણાથી દૂર થઈ જાય તો પણ આપણાં જીવનના એક ખૂણામાં શૂન્યાવકાશ થઈ ગયો હોય એવું મહેસૂસ થાય છે. સંબંધોનું આ જ માહત્મ્ય છે.

# ભગવાનની કમી નથી ઈન્સાન શોધવામાં મળે છે નિષ્ફળતા

**જીવન ઉપવન**



મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતીય સમાજમાં દિન પ્રતિદિન ખબર નથી પણ જીવનની ખુશીઓ ખોવાઈ રહી છે. જીવન ઉમંગ કાંઈ ખરીદી પણ શકાતો નથી. જીવન જીવવાની એક હોંશ જે હોવી જોઈએ એ ના હોય તો





જીવન આનંદ પેદા થતો નથી. બારે માસ તહેવારોનું ઉત્સવોનું ચક્ર પરંપરાથી ગોઠવાઈ ગયું એટલે સમાજ તેમાં સહભાગી થઈ થોડી નવીનતા ટૂંકા ગાળા માટે પ્રાપ્ત કર્યા છે પરંતુ એ સમસ્યાનું સમાધાન નથી! જીવન જીવવામાં પ્રત્યેક સજીવને પુષ્કળ સંઘર્ષ કરવો જ પડે છે એટલે જો તન અને મન બંને ઉમંગથી છલોછલ હશે તો સંઘર્ષમાં પણ થાક લાગતો નથી. માણસ આજે જીવન જીવતો નથી પણ વેંઢારે છે.

ઔપચારિકતાઓમાંથી બહાર આવી જ શકતો નથી. જીવન જીવવાની આધુનિક શૈલીમાં માનવી રોબોટ બની ગયો છે સમય થાય કે જમી લેવાનું સમય થાય એટલે ઊંઘી જવાનું અને દિનરાત આ રીતે સરક્યા જ કરે છે. ચિંતન એ વાતે કરવાનું છે કે આવી દશા શા માટે થઈ ? માણસ માનવ શા માટે રહી શકતો નથી ? માનવ હોવું એ જ સૌથી વધુ ગૌરવ અને આનંદની ઘટના છે પરંતુ પ્રત્યેક વ્યક્તિ બીજા બધાને વધુ સુખી અને સ્વયંને વધુ દુઃખી માનતી રહી છે, કદી પોતાના દુઃખ અને અન્યનાં સુખને ગણવાની ભૂખ કરવી ના જોઈએ કેમ કે એવું કરવાથી જીવનબળ વધતુ નથી પણ કમ થઈ જાય છે. જે જીવન ઈશ્વરે આપેલું છે તે આપણા જ કર્મફળની -પ્રસાદીરુપ છે. બધા નસીબ લઈને આવે છે પણ ત્યારબાદ નવા સદ્કર્મ કરવાની કોઈ મનાઈ નથી. સદ્કર્મ કરવામાં કોઈ પરેશાની નથી પણ માનસિકતા જ મોટું વિઘ્ન થઈ ગયું છે !

આજે સમાજમાં માણસ માણસથી જ ડરે કે ભય પામે અથવા અશાંતિનો અહેસાસ કરે ત્યારે આપણે વિકસશું કઈ રીતે ?? ઈન્સાને સ્વયં ને પ્રશ્ન પૂછવો જ રહ્યો કે હું મારા અવતારને ન્યાય આપી રહ્યો છું કે નહીં ? સતર્કતા મરી રહી છે.

પથ્થરની મૂર્તિમાં પરમેશ્વર છે તે સાબિત કરવામાં ધર્મ અને સંતો સફળ થયા પરંતુ જીવતા જાગતા ઈન્સાનમાં પણ ઈશ્વરનો વાસ છે તે સમજાવવામાં નિષ્ફળ રહ્યા છે એ પણ સચ્ચાઈ છે. કરોડોના દાન આસ્થા સ્થાનોમાં થઈ રહ્યા છે એ ટિકાપાત્ર નથી કેમ કે ત્યાં શ્રદ્ધાથી થાય છે તેમ છતાં - ભારતની અંદર પુષ્કળ વંચિતો જીવી રહ્યા છે તેનામાં પણ એ જ ભગવાન, ખુદા કે ઈશ્વર વસે છે જે લોકો ભૂખ્યા જ જાગે છે અને પેટની આગ સાથે રાત્રે સુઈ જાય છે. આ સ્થિતિમાં દરિદ્રનારાયણમાં પ્રભુના દર્શન થવા આવશ્યક છે. વૃદ્ધોથી છલકાતા વૃદ્ધાશ્રમો જોઈને માનવજાતની સંવેદનહીનતાનું માપ નિકળે છે. માબાપને સાચવી નહીં શકતા સંતાનો આ સમાજ કે રાષ્ટ્રને શું દઈ શકે ? બહુ જ ચિંતન કરવાની ક્ષણો આવી ગઈ છે! કુદરતના સ્વરુપોની કમી નથી મંદિરોની કમી નથી પણ ઈન્સાનમાં ભગવાન છે તેથી જ તેનું જીવન અને અસ્તિત્વ છે. પરંતુ ઈન્સાન ખેદ આ વાતને સ્વીકૃત કરતો નથી. માતાપિતા, ગુરુ અને રોગથી પીડિતોને જીવનપર્યંત પોતાની શક્તિ મુજબ સેવા ભાવના રાખવાની વાત શાસ્ત્રોમાં પણ કરેલી છે. સારા ઈન્સાનની શોધમાં વિફળતાનો અર્થ કે કોઈ સ્વસુધાર કરવા તૈયાર નથી. પોતાની જાતને અનુશાસિત કરે તો કમ સે કમ જગતમાં એક માણસ સુધર્યાનો આનંદ થઈ શકે છે. બધુ સરકાર જ કરશે એમ વિચારવું એ પણ બૌધિક દેવાળું છે. પ્રજા તરીકે રહેવાની યોગ્યતા દરેક સમાજે અવશ્ય કેળવવી જ પડે છે જે પ્રજા તેવું નથી કરતી તે રાષ્ટ્ર બરબાદ થયા વિના રહે જ નહીં. સારા - નરસાના ભેદ વેદ વેદાંત - ઉપનિષદોમાં પણ બતાવ્યા છે. છતાં તેને દિલથી ધારણના કરીએ તો બધુ જ વ્યર્થ સાબિત થાય છે. આજે વસ્તી વિસ્ફોટની સમસ્યા છે જે વધતા વિકાસ દરને ખાઈ જાય છે. માનવતા શૂન્ય પ્રજા કશુ પામવાને લાયક રહેતી પણ નથી.

ભારત રાષ્ટ્ર વ્યાપક વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. પરંતુ આ બધાની સાથે ભારતીય પ્રજામાં રાષ્ટ્રભાવનાની ઘટ રહી છે. બીજું બધા રાષ્ટ્ર પાસેથી અપેક્ષાઓ સેવી રહ્યા છે, સરકાર એટલે જાદુઈ શક્તિ એવું માનીને જીવે છે એટલે સમસ્યા એ સતાવે છે કે વિકાસ પ્રક્રિયામાં જનભાગીદારી અપેક્ષિત માત્રામાં નથી તદુપરાંત જે સક્ષમ ઉદ્યોગકારો, શ્રીમંતો પણ સ્વહિત ને ધ્યાનમાં રાખીને ઉચિત માત્રામાં ભારત માટે હાથ લંબાવે છે! ઈન્સાન અંદરથી વિકૃત થઈ ચૂક્યો છે સ્વાર્થમાં અંધ થઈ ગયો છે અને વાસ્તવિક રીતે એ માનવની શ્રેણીમાંથી ગબડી ગયો છે ત્યારે સાચા માનવીનું પ્રાપ્ત થવાનું અતિ જટિલ હની ગયું છે. ધંધાદારી જ બધા થઈ જાય તો પછી કરુણા, સ્નેહ, સંબંધ, નૈતિક મૂલ્યો જીવાડશું કઈ રીતે? આર્થિક મોરચે પણ ઘણી સમસ્યાઓ છે જેને હવે નવી સરકાર ઘણી સુઝબુઝથી હટાવવાની કોશિષ કરશે તેવી આશા છે. રાષ્ટ્રવાદ એટલે ભારતના તમામ વર્ગના લોકોની દેશ માટે સન્માનની ભાવાત્મકતા અને લાગણી નહીં કે કોઈ પક્ષની વાત !! આપણે સમાજમાં ભલા માટે સાચુકલો માનવધર્મ જે છે તેનું પાલન કરવું જ પડશે તો સારા ઉમદા અને શાંતિના દિવસો આવશે. કૃષિ, જળ, રોજગારી, ઉત્પાદન, સંરક્ષણ જેવા મુદ્દાઓની સફળતા હવે પ્રજાના અભિગમથી જ મળશે તે પણ નક્કી છે.

**શેર આસ્વાદ :**

**હકીકત કી ભીડ સે કુછ, ગુમશુદા સપને ઢૂંઢ રહા હું**
**આજકલ મૈં અપનો મેં સે, અપને હૈ ઉસે ઢૂંઢ રહા હું...**